**Gujarat Samachar Pg 7, 5th April 2022**

# બિટકોઈનના ભાવ ઘટી ૪૬ હજાર ડોલર નજીક

## આઈસી૧૫ ઈન્ડેક્સ ૩૫૦ પોઈન્ટ ઘટયો

મુંબઈ, તા. ૪

અનિશ્ચિત રાજકીય અને મેક્રોઈકોનોમિક આઉટલૂકને કારણે ક્રીપ્ટો કરન્સીના ટ્રેડિંગમાં સોમવારે મિશ્ર વલણ રહ્યું હતું. બિટકોઈન ૪૬,૦૦૦ ડોલરની નજીક ટ્રેડ થઈ રહ્યો હતો.

અમેરિકાની તથા અન્ય કેન્દ્રીય બેન્કો નાણાં નીતિ વધુ સાવચેતીભરી બનાવશે એવી ધારણાને પગલે નાસ્દાક અને એસએન્ડપી૫૦૦ ફ્યુચર્સ ફ્લેટ રહેવાની શક્યતા છે.

ગત દસ વર્ષના આંકડા દર્શાવે છે કે એપ્રિલ મહિનામાં બિટકોઈનમાં સરેરાશ ૫૧ ટકા ભાવ વધ્યા છે. બિટકોઈનનું ટ્રેડિંગ શરૂ થયા બાદ ફક્ત બે વખત એપ્રિલમાં ભાવ ઘટ્યા છે.

સોમવારે બપોરે પૂરા થયેલા ૨૪ કલાકના ગાળામાં બિટકોઈન ૪૬,૦૦૦ ડોલર અને ઈથેરિયમ ૩,૪૦૦ ડોલરની નજીક ટ્રેડ થઈ રહ્યા હતા. ડોઝકોઈનના ભાવમાં ૨ ટકાની વૃદ્ધિ થઈ હતી.

દરમિયાન, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ સોમવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૦.૫૦ ટકા (૩૫૦ પોઈન્ટ) ઘટીને ૬૯,૦૨૯ પોઈન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૬૯,૩૮૦ ખૂલીને ૭૦,૦૮૧ સુધીની ઉપલી અને ૬૮,૯૬૪ પોઈન્ટની નીચલી સપાટીએ ગયો હતો.